R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા .

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to; કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-26 • ISSUE: 44 DATE:04-11-2017• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## બેન્ક ખાતાઓને આધાર સાથે જોડવા માટે ફરજ ન પાડો : બેન્ક સંગઠન ઓલ ઇન્ડીયા બેન્ક ઓફિસર્સ ફેડરેશન

બેન્ક કર્મચારીઓના એક સંગઠન ઓલ ઈન્ડીયા બેન્ક ઓફિસર્સ ફેડરેશન( એઆઈબીઓશી) બેન્ક ખાતાઓને આધાર નબર સાથે જોડવાનું અનિવાર્ય કરવા સામે વિરોધ કર્યો હતો.સંગઠને કહ્યુ હતું કે જ્યાં સુધી ઉચ્ચત્તમ ન્યાયાલય આધાર કાર્ડ અંગે આખરી ચુકાદો ન આપે ત્યાં સુધી ખાતાને આધાર નંબર સાથે જોડવાનું કામ સ્થગિત કરવું જોઈએ.દબાણપુર્વક એ કામ કરાવવું એ લોકતંત્રના આત્માની વિરુધ્ધ હોવાનુ કહ્યુ હતું.સંગઠને એક નિવેદન બહાર પાડીને જણાવ્યુ હતું કે સરકારે એ સ્પષ્ટ કરી દેવું જોઈએ કે આધાર કાર્ડ જોડવું એ સ્વેચ્છીક છે,નહી કે ફરજીયાત છે.એ ઉલ્લેખનીય છે કે રીઝર્વ બેન્કે કહ્યુ છે કે બેન્ક ખાતા સાથે જૌવિક ઓળખ નંબર આધારને જોડવું બંધારણીય રીતે અનિવાર્ય છે. અન્ય એક સંગઠન ઓલ ઈન્ડીયા બેન્ક એપ્લોઈઝ એસો. બેન્કોને આધાર કેન્દ્ર શરુ કરવા નિર્દેશ મળતાં તેનો વિરોધ કર્યો હતો.

## વિરોધપક્ષો દેશભરમાં નોટબંધીને ૮મી નવેમ્બરે કાળા દિવસ તરીકે મનાવશે

કેન્દ્રની ભાજપ સરકારના નોટબંધીના નિર્ણયને ૮મી નવેમ્બરે એક વર્ષ પુરુ થઈ રહ્યુ છે.ત્યારે દેશના તમામ વિરોધપક્ષોએ નોટબંધીને આ સદીનું સૌથી મોટામાં મોટું કૌભાંડ ગણાવ્યુ છે. આ દિવસને દેશભરમાં કાળો દિવસ મનાવવા જાહેરાત થઈ છે.વિપક્ષો દ્વારા મોદી સરકારની આર્થિક નીતિ તેમજ નોટબંધીના નિર્ણય સામે દેશભરમાં વિરોધ પ્રદર્શનો અને દેખાવો કરાશે.મોદી સરકાર દ્વારા નોટબંધી કરાઈ અને તેમાં રુ.૫૦૦ અને રુ.૧૦૦૦ની નોટો ચલણમાંથી રદ કરાઈ હતી. આ નિર્ણયને ઉતાવળે અને ખોટી દાનતથી લેવાયેલો ગણાવાયો હતો.૧૮ વિપક્ષો જુદા જૂદા રાજ્યોમાં નોટબંધીના નિર્ણયનો વિરોધ કરશે.નોટબંધીને કારણે આમઆદમી ભારે મુશ્કેલીમાં મુકાયો હતો.વિપક્ષો આ મુદ્દે એકતાનું પ્રદર્શન કરશે.

## હરિયાણામાં ગાયો માટે પીજી હોસ્ટેલો બાંધવામાં આવશે ભાજપ : લોકો માટે ઘર નથી અને ગાયો માટે હોસ્ટેલ બાંધવી છે : ચૌટાલા લોકદળ

હરિયાણાની ભાજપ સરકારે ગૌરક્ષાના ભાગરુપે રાજ્યના મોટા શહેરોમાં ગાય અને ભંસ માટે પીજી હોસ્ટેલ બાંધવાનો નિર્ણય લીધો છે. મોટા મોટા શહેરોમાં ૫૦ થી ૧૦૦ એકર જમીનમાં આ પ્રકારની પીજી હોસ્ટેલ બાંધવામાં આવશે.જે લોકો પોતાના ધાર્મિક અધિકારોનો ઉપયોગ કરવા માંગે છે તેઓ આ રીતે ગૌસેવા કરી શકશે.હિસાર ખાતેથી આનો પાઈલટ પ્રોજેક્ટ શરુ કરાશે. જોવાની ખુભી એ છે કે હરિયાણામાં મહિલાઓની સુરક્ષાને કોરાણેમુકીને ગાયોની રક્ષા માટે આવું પગલું લેવામાં આવ્યુ છે.હજી તો બે ત્રણ મહિના પહેલા જ ઘાસચારાના અભાવે હરિયાણાની કેટલીંક પાંજરાપોળોમાં ગાયોના ભુખમરાને કારણે મોત થયા હતા. અને તેનો ભારે વિવાદ જાગ્યો હતો. ત્યારે રાજ્ય સરકારે અચાનક ગૌસેવાનો અને ગૌરક્ષાનો શોખ જાગ્યો છે. અને પીજી હોસ્ટેલ ખોલવાની વાત કરી છે.

જ્યારે લોકદળના નેતા અભય ચૌટાલાએ સરકારના આ નિર્ણયને હાસ્યાસ્પદ ગણાવ્યો હતો.તેમણે કહ્યુ હતું કે લોકોને રહેવા માટે ઘર નથી ને રાજ્ય સરકાર ગાયો માટે હોસ્ટેલો બાંધવાની વાતો કરે છે.અમે લોકોને પીજી તરીકે હોસ્ટેલમાં રહેતાં સાંભળ્યા છે પરંતુ ગાયોને પીજી હોસ્ટેલમાં રહે તે કેવું વિચિત્ર ગણાય.લોકોની માનસિકતા સાથે રમત કરવા ટેવાયેલી ભાજપી સરકારો છાસવારે મંદિર,ગાય અને હિદુત્વના મુદ્દે જાત જાતના મુદ્દાઓ ઉભા કરે છે.

## ઉદારવાદી મુલ્યોની કતલનો ટ્રેન્ડ ખતરનાક ચાલી રહ્યો છે : હાઇકોર્ટ

બોમ્બે હાઈકોર્ટે નોધ્યુ છે કે તમામ વિરોધ અને ઉદારવાદી મુલ્યોને નાબુદ કરવાનો એક ખતરનાક ટ્રેન્ડ ચાલી રહ્યો છે. જેના કારણે દેશની છબિ બગડી રહી છે.બેગલુરમાં પત્રકાર ગૌરી લંકેશની હત્યાનો ઉલ્લેખ કરી કોર્ટે આ ચિંતાજનક તારણ કાઢ્યુ હતું. રેશનાલિસ્ટ લેખકો, ગોવિન્દ પાનસરે અને નરેન્દ્ર દાભોલકરની હત્યામાં તપાસમાં કોર્ટની દેખરેખની તપાસની માંગણી કરતી એક પિટીશન પર સુનાવણી વેળાએ જસ્ટીસ એસ.સી. ધર્માધિકારી, અને જસ્ટીસ ભારતી ડાંગરેની બેન્ચે આ ટિપ્પણી કરી હતી.બેન્ચે કહ્યુ હતું કે ઉદાર મુલ્યો અને અભિપ્રાયો મો કોઈ સન્માન નથી.લોકો તેમના ઉદાર સિધ્ધાંતો માટે નિશાન બનાવવામાં આવી રહ્યા છે. માત્ર વિચારકો જ નહીં, પરંતુ કોઈ વ્યક્તિ કે સંસ્થા જે ઉદાર સિધ્ધાંતોમાં માનતી હોય તેને નિશાન બનાવવામાં આવી રહ્યું છે. સ્થિતિ એવી છે કે જો મારો ક્યાંય વિરોધ હોય તો મારે તે વ્યક્તિને નેસ્તનાબુદ કરી દેવી જોઈએ.બેન્ચે ઉમેર્યું હતું કે તમામ વિરોધને મારી નાંખવાનો ટ્રેન્ડ ખતરનાક છે.આનાથી દેશની છબી બગડી રહી છે.દાભોલકર અને પાનસરે હત્યામાં સીબીઆઈ અને મહારાષ્ટ્ર ઈન્વેસ્ટીગેશન ડીપાર્ટમેન્ટે તેમના તપાસ રિપોર્ટ સુપરત કરી દેતાં બેન્ચે નોધ્યું છે કે અત્યાર સુધી આ કેસોમાં થયેલી પ્રગતિમાં સત્તાવાળાઓને કોઈ નક્કર પરિણામો મળ્યાં નથી.

## કોગ્રેસ ઉપાધ્યક્ષે નાણાંમંત્રી અરુણ જેટલીનું અર્થતંત્ર આઇસીયુમાં છે કહી આકરા પ્રહારો કર્યા



જીએસટી અને નોટબંધી પર ફરી એક વાર કેન્દ્રીય નાણાંમંત્રી અરુણ જેટલીને આડે હાથ લેતાં રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે મોદી સરકારના બે આર્થિક સુધારાને કારણે ભારતીય અર્થતંત્ર આઈસીયુમાં પહોચી ગયું છે.રાહુલ ગાંધીએ એક ટ્વિટમાં જણાવ્યુ હતું કે ડો.જેટલી નોટબંધી અને જીએસટી ને કારણે અર્થવ્વયસ્થા આઈસીયુમાં છે. તમે કહો છો કે આપ કીસી સે કમ નહીં પરંતુ આપ કી દવામે ભી દમ નહીં. અર્થતંત્રને ઉગારવા માટે તમે આપી રહ્યા છો તે દવા અસરકારક સાબિત થઈ રહી નથી. રાહુલ ગાંધીનું આ ટ્વિટ સોશ્યલ મીડીયા પર ઘણું વાયરલ થયું છે. હજારો લોકોએ તેને રીટિવટ કર્યુ છે.અને હજારો લોકો તેના પર કોમેન્ટ કરી રહ્યા છે.

આ ટ્વિટ દ્વારા રાહુલ ગાંધી એમ કહેવા માંગતા હતા કે મોદી સરકારના આર્થિક સુધારાને કારણે દેશના અર્થતંત્રને નુકશાન એટલું બધુ થયું છે કે તેને ઉગારવાની પ્રક્રિયા અત્યંત પીડાદાયક અને ધીમી રહેશે.નાજુક સ્થિતિમાં રહેલા દર્દીઓને આઈસીયુમાં સારવાર અપાય છે જે ઘણી પીડાદાયક અને ધીમી હોય છે.રાહુલ ગાંધી છેલ્લા ૧૫ દિવસથી મોદી સરકારની આર્થિક નીતીઓ પર આક્રમક્તાથી સવાલો કરી રહ્યા છે.

## હાઇકોર્ટની અવમાનના કરીને રાજસ્થાન સરકારે ઓબીસી ક્વોટા ફાળવતું સુધારા બીલ પસાર કરી દીધું

રાજસ્થાનમાં ગુર્જર સહિત પાંચ જાતિઓને ઓબીસી ક્વોટા ફાળવતું ઓબીસી સુધારા બીલ વિધાનસભામાં પસાર કરવામાં આવ્યુ હતું.ખરડાને ચર્ચા બાદ બહાલી આપવામાં આવી હતી.રાજસ્થાન સરકારે આ બિલ પસાર કર્યા પહેલા ઓબીસી ક્વોટા ૨૧ ટકા હતો. ગુર્જર અને અન્ય ચાર જાતિઓને પાંચ ટકા અનામત અપાતાં ઓબીસી ક્વોટા નવા સુધારા પ્રમાણે ૨૬ ટકા થયો છે.ગુર્જર સહિત પાંચ જાતિઓને પાંચ ટકા અનામત આપવા માટે ચોથી વખત નવુ વિધેયક પસાર કરવામા આવ્યુ હતું.

રાજસ્થાન વિધાનસભામાં આ ખરડો રજુ કર્યો હતો. ખરડો રજુ થવાથી રાજસ્થાન હાઈકોર્ટે સરકારની ઝાટકણી કાઢી હતી.કોર્ટે મુખ્ય સચિવને અવમાનનાની નોટીસ પ ણ પાઠવી હતી. કોર્ટે સરકારે જણાવ્યુ હતું કે તેઓ ઓબીસીનો ક્વોન્ટિફાઈડ ડાટા રજુ કરે પછી આગળની કાર્યવાહી કરે.સરકારે કોર્ટની વાત ધ્યાને લીધા વગર જ ખરડો પસાર કરી દીધો હતો.કોર્ટે આ મુદ્દે ટકોર કરી હતી કે અત્યાર સુધીમાં સરકારને ઘણી વખત સુચનો કરવામાં આવ્યા છે. અને આદેશ આપવામાં આવ્યા છે. સરાકર કોર્ટના આદેશોને દરકિનાર કરીને મનમાની કરી રહી છે.

સરકાર જણાવી રહી છે કે નોટિફિકેશન દ્વારા અનામતની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.સરકારે આ મુદ્દે જણાવ્યુ કે વર્ષ ૧૯૯૪માં જાતિઓની સંખ્યા ૫૪ હતી. પણ હવે વધીને ૯૧ થઈ ગઈ છે. તેના સરેરાશમાં અનામત વધારવી પડે તેવી સ્થિતિ છે.૧૯૩૧ની વસતી ગણતરી પ્રમાણે રાજસ્થાનમાં કુલ ૪૯ ટકા અનામત હતી તેને હવે વધારવાનો સમય પાકી ગયો છે.

જો કે આ મુદ્દે સરકાર અને કોર્ટ બેઉ વચ્ચે ગજગ્રાહ થઈ શકવાની સંભાવનાઓ વધી ગઈ છે. રાજસ્થાન સરકારને કોર્ટ સાથે કોઈ સુચારુ વ્યવસ્થાનું આયોજન કરવું પડશે અન્યથા ઘર્ષણમાં ઉતરવું પડશે

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવક્રાંતિ

સુપ્રીમ કોર્ટે દિલ્હીમાં ફટાકડા વેચાણ પર પ્રતિબંધ મુક્યો અને પરિણામે વેપારીઓએ કકળાટ કરી મુક્યો.દિલ્હીમાં પ્રદુષણની માત્રા એટલી વ્યાપક છે કે શ્વાસોશ્વાસની તકલીફ વાળાની સ્થિતિ ગંભીર બની જાય છે.દિલ્હીની સડકો પર થતા પ્રદુષણને લીધે ડીઝલના વાહનો પર પ્રતિબંધ મુકાયો.કોર્ટે ફરજીયાત સીએનજી ગેસથી ચાલતાં વાહનો શરુ કરાવ્યા.કોર્ટ જે કાંઇ નિર્ણય કરે છે તે સામાન્ય લોકોની સુખાકારી માટે કરે છે. પરંતુ ફટાકડા વેચાણના પ્રતિબંધને ધર્મ સાથે જોડી દઇને કેટલાક હિતોએ ન્યાયતંત્રને ભીડાવવાનો પ્રયત્ન કરી જોયો.ન્યાયતંત્રે પણ સખ્ત શબ્દોમાં તેમની ટીકા કરી પરિણામે આ લોકો આગળ વધી શક્યા નહીં.ન્યાયતંત્રને લાગમાં લઇને તેને ભીડાવવાના પ્રયત્નોમાં કેટલાક સત્તા સાથે સંકળાયેલા લોકો પણ સામેલ હોવાની શક્યતાઓ છે.એનડીએ સત્તા પર આવ્યા બાદ બંધારણીય નિયમો વિગેરેમાં સુધારા કરવા, કોર્ટના નિર્ણયોનો અમલ ના થાય તે માટેના પ્રયત્નો કરવા તેવા પ્રયત્નો પાછલે બારણે કરવામાં આવી રહ્યા છે.સુપ્રીમ કોર્ટે સરકારના કેટલાક નિર્ણયો સામે કડક આદેશો આપ્યા જેના કારણે સરકારની આબરુના લીરા ઉડ્યા.

તાજેતરમાં રાજસ્થાનની ભાજપા સરકારનો કંઇક આવોજ પ્રયત્ન થયો છે.તેમાં તેમણે વિધાનસભામાં ખરડો પસાર કર્યો. જેમાં મીડીયાના સ્વાતંત્રને રુંધવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.જે બંધારણમાં ચોથી જાગીરને બનેલા અધિકારોનું હનન છે.આ બધાની પાછળ મકસદ કોઇપણ પ્રકારે હાલના બંધારણના માળખાને વેરવિખેર કરી નાંખવુ અને તેમના છુપા એજન્ડાને લાગુ કરવો.

ખેર,પ્રજા જાગૃત બની રહી છે અને તેમના મકસદોમાં તેમનો ઇરાદો બર આવશે કે કેમ તે આવનાર સમય બતાવશે.જો કે તેમને કોઇપણ પ્રકારની ખોટી રીતો અપનાવવામાં જરા પણ રંજ નથી.તેમજ તેઓ પ્રજાને છેતરવાની રીત રસમોમાં માહિર છે.જે ગત ચુંટણીઓમાં જોઇ શકાયા છે. પરંતુ હવે તેમણે તે બધી બાબતોને જુમલા તરીકે સ્વીકારી લીધી છે. પોકળ વચનોની લ્હાણી કરવા માટે તેમની પાસે ખાસ વિભાગ તૈયાર છે. નવા જુમલાઓ ગુજરાતની ચુંટણીમાં જોવા મળશે.આ વખતની ચુંટણીમાં તેમની સામે ભારે પડકારો છે છતાં તેઓ જીતી શકે છે.કારણકે તેમનુ પ્રચાર તંત્ર અને સત્તા બેઉ મજબુત છે.આપણી પ્રજાને છેતરાવાનો કોઇ રંજ નથી.વારંવાર તેઓ છેતરાય પણ બોધપાઠ ક્યારેય લીધો નથી.ખેર, આપણે ઇચ્છીએ કે દેશની પ્રજા હવે તો જાગૃત થાય અને સારા પક્ષો કે નેતાઓને નેતૃત્વ મળે જેથી દેશની પ્રજાનું કલ્યાણ થાય.

## એન્ટી ઇમિગ્રેશનની અમેરિકાની નીતીઓને કારણે નોકરી માટે ભારતીયોની પસંદગીમાં ૪૦ ટકાનો ઘટાડો

અમેરીકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની એન્ટી ઇમીગ્રેશન નીતિઓ અને બ્રિટને યુરોપીયન યુનિયનમાંથી એકઝીટ લેવાનો નિર્ણય કરતાં આ બંને દેશોમાં ભારતીયોનો ધસારો ઓછો થઇ ગયો છે.નોકરી માટે આ દેશોમાં જતા ભારતીયોની સંખ્યા ઘટી છે.અમેરિકામાં નોકરી માટે જતા ભારતીયોની સંખ્યામાં ૪૦ ટકાનો ઘટાડો નોંધાયો છે જ્યારે બ્રિટનમાં જતા ભારતીયોની સંખ્યામાં ૪૨ ટકાનો ઘટાડો જોવાયો છે.સપ્ટે. ૨૦૧૬ થી ઓક્ટો.૨૦૧૭ સુધીમાં અમેરિકા અને બ્રિટન જતા લોકોની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે.તેની આગળના વર્ષની સરખામણીમાં આ ઘટાડો નોંધાયો છે.એકંદરે જોઇએ તો આ દેશોમાં નોકરી જતા ભારતીયોની સંખ્યામાં ૫ ટકાનો ઘટાડો નોંધાયો છે.

બીજી તરફ રાજકીય સ્થિતિ એવી થઇગઇ છે કે વિકસિત દેશોમાંથી ઘણા લોકો ભારતમાં નોકરી માટે આવવા લાગ્યા છે.તેની સંખ્યામાં ૨૫ ટકા જેટલો વધારો નોંધાયો છે.અને તેમાંથી ૧૭૦ ટકા લોકોને ભારતમાં નોકરીઓ મેળવવી છે.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૯૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


## કોઇપણ પ્રકારની ધાર્મિક ટીકા ટિપ્પણીથી અમારા આદેશને અસર નહી થાય : ફટાકડા પરના પ્રતિબંધને કોમી રંગ દુઃખદ : સુપ્રીમ કોર્ટ



સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆરમાં પહેલી નવેમ્બર સુધી ફટાકડાના વેચાણ પર સ્ટેના ચુકાદાને પાછો ખેંચવાનો ઇન્કાર કર્યો હતો.આ પ્રતિબંધ અંગેની વેપારીઓની અરજી પર સુનાવણી કરતાં સુપ્રીમે કહ્યુ કે આગામી સુનાવણી સુધી આ સ્ટે જારી રહેશે. જો કે સુપ્રીમે ટકોર કરી છે કે આ વાત અત્યંત દુઃખદ છે કે પ્રદુષણથી જોડાયેલા આ મામલાને સાંપ્રદાયિક રંગ આપવાનો પ્રયાસ કરાયો છે.એનસીઆરમાં ફટાકડા પર પ્રતિબંધને કેટલાક નેતાઓ અને સોશ્યલ મીડીયા દ્વારા હિન્દુ વિરોધી ચુકાદો જાહેર કરવાના સંદર્ભમાં સુપ્રીમે આ વાત કરી હતી. તેણે કહ્યુ હતું કે આ પ્રકારની ટિપ્પણી દુઃખદ છે.

અરજી પરની સુનાવણી કરતાં જસ્ટીસ એ.કે.સીકરી એ જણાવ્યુ હતું કે અમને એ સાંભળીને દુઃખ થાય છે કે કેટલાક લોકો અમારા આદેશને સાંપ્રદાયિક રંગ આપી રહ્યા છે.કોઇપણ વ્યક્તિ જે મને જાણે છે તેને ખબર છે કે હું અત્યંત ધાર્મિક વ્યક્તિ છું. ફટાકડા પર મુકાયેલા પ્રતિબંધની સમીક્ષા કરવાનો ઇન્કાર કરતાં ન્યાયમુર્તિ સીકરી અને ન્યાયમુર્તિ અશોક ભુષણે કહ્યુ કે અમે કોઇ દલીલબાજીમાં પડવાના નથી અને કોઇ પણ પ્રકારની ધાર્મિક ટીકા ટિપ્પણીથી અમારા આદેશને અસર નહીં થાય.

## નોટબંધીનું સમર્થન મારી ભુલ હતી,માંફી માંગું છુ :અભિનેતા કમલ હસન

દક્ષિણ ભારતીય સિનેમાના સુપર સ્ટાર કમલ હસને ગત વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તરફથી કરાયેલા નોટબંધીના નિર્ણયને સમર્થન આપવા અંગે માંફી માંગી હતી. હસનના કહેવા પ્રમાણે તેમણે એ નિર્ણય ઉતાવળે લીધો હતો.એક તમિલ મેગેઝીન માટે લખાયેલા લેખમાં હસને કહયુ હતું "હું ઉતાવળે નોટબંધીના નિર્ણયને સમર્થન આપ્યું તે બદલ માંફી માંગુ છું."

હસને લખ્યું છે કે શરુઆતમાં મને લાગ્યું કે તેનાથી કાળા નાણાં પર લગામ મુકવામાં મદદ મળશે.તેથી લોકોએ તેનો બોજ ઉઠાવવો જોઇએ પણ હું ખોટો હતો.એકટરે કહ્યુ હતું કે એ સમયે પણ અનેક મિત્રોએ મારા નિર્ણયની ટીકા કરી હતી. જે ઇકોનોમિક્સ અંગે સમજતા હતા. હસને કહ્યુ હતું કે હું ખુદને એમ વિચારીને સાંત્વના આપવાની કોશીસ કરી રહ્યો છે કે આ પ્લાન સાચો હતો પરંતુ તેને લાગુ કરવામાં અનેક પ્રકારની સમસ્યાઓ છે. હસને કહ્યુ હતું કે જ્યારે વધુમાં વદુ લોકોએ આ મામલે પોતાની વાત રાખી તો મને મારા મંતવ્ય પર શંકા ગઇ. હસને પીએમ મોદી પર નિશાન સાધતાં લખ્યું હતું . સારા નેતાઓ સ્વભાવ એવો હોય છે કે પોતાની ભુલોનો સ્વીકાર કરે. ગાંધીજીએ પોતાની ભુલોનો સ્વીકાર કર્યો હતો અને આજના નેતા પણ એવું કરી શકે છે.જો પીએ મોદી આ નિર્ણયને લઇને પોતાની ભુલ માને છે તો હું તેમને સેલ્યુટ કરીશ. ઉલ્લેખનીય છે કે કમલ હસને એ હસ્તીઓમાંથી એક હતા. જેમણે પીએમ મોદીના નોટબંધીના નિર્ણયને સપોર્ટ કર્યો હતો.ગત વર્ષે નવેમ્બરમાં કમલ હસને ટ્વીટ ક્યુ હતું કે સેલ્યુટ મિસ્ટર મોદી, આ નિર્ણયનું પાર્ટી લાઇનથી પર રહીને સ્વાગત કરવું જોઇએ.

કમલ હસન હાલમાં ઘણા સમયથી ચર્ચામાં છે. તેઓ રાજકારણમાં જોડાવાના છે એવી ચર્ચા જોરશોરથી ચાલી રહી છે.અગાઉ એકવાર તેમણે કહ્યુ હતું કે તેઓ ભાજપમાં પણ જોડાઇ શકે છે. આ ઉપરાંત તેઓ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને મળી ચુક્યા છે.એવામાં નોટબંધી અંગે આવું નિવેદન તેમણે આપતાં અનેક તર્કવિતર્કો સર્જાયા છે. જો કે ભાજપને કમલ હસન પાસે હાલમાં કોઇ કામ નથી તેથી તેઓ હતાશામાં આવા નિવેદનો કરે છે તેવું માનવું છે.

## ઇતિહાસ બદલાશે

સ્વતંત્રતા સંગ્રામ નો પહેલો બળવો ૧૮૧૭માં થયો હતો.સરકાર દ્વારા હવે વર્ષો બાદ જુના ઇતિહાસને બદલવા માટે મહત્વનું પગલું લેવામાં આવી રહ્યું છે.કેન્દ્ર ના માનવ સંશાધન મંત્રી પ્રકાશ જાવડેકરે કહયુ હતું કે આવતા વર્ષથી ઇતિહાસના પાઠ્ય પુસ્તકોમાં ૧૮૧૭માં થયેલા પાઇકાના બળવાને દેશના પહેલાં સ્વતંત્રતા સંગ્રામ તરીકે સમાવાશે અને ભણાવાશે.અત્યાર સુધી ૧૮૫૭ની ક્રાંતિને દેશના પહેલા સ્વતંત્રતા સંગ્રામ તરીકે ભણાવવામાં આવતો હતો.જાવડેકરે પાઇકા વિદ્રોહને ૨૦૦ વર્ષ થઇચ રહ્યા છે ત્યાતે તેની ઉજવણીના કાર્યક્રમના સંદર્ભમાં આવી જાહેરાત કરી હતી.સરકાર આ ઉજવણી માટે રુ.૨૦૦ કરોડ આપશે.સરકારના આ નિર્ણય પછી અંગ્રેજો સામેના પાઇકાના બળવાને પહેલો સ્વતંત્રતા સંગ્રામ ગણવામાં આવસે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૯૯
૯૮૨૪૩૬૨૪૬૨



★ **નીલા ફાઇનાન્સ** ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૯૫૮,૨૫૩૮૩૩૨૨

## કર્ણાટકમાં એક મઠના સ્વામીનો મહિલા સાથે રંગરેલીયા મનાવતો વીડીયો વાયરલ થયો

કર્ણાટકના એક મઠના સ્વામી દયાનંદ ઉર્ફે નંજેશ્વરસ્વામી પોતાના મઠના ખંડમાં એક મહિલા સાથે રંગરેલીયા મનાવતા કેમેરામાં કેદ થઇ ગયા છે. દયાનંદ મઠના એક ખંડમાં મહિલા સાથે રંગરેલીયા મનાવી રહ્યા હતા.ત્યારે કોઇકે તેનો વીડીયો બનાવીને લીંક કરતાં ભાંડો ફુટ્યો હતો.એક ટીવી ચેનલે વીડીયો જાહેર કરીને ઘટસ્ફોટ કર્યો હતો.વીડીયોમાં દેખાતી મહિલા અભિનેત્રી છે.

દેશભરમાં સાધુ સંતો અને કહેવાતા સ્વામીઓની પાપલીલા પ્રગટ થઇ રહી હોવા છતાં અંધશ્રધ્ધાળુ ભક્તોની કમી મહેસુસ થતી નથી.મઠો,મંદિરો અને આશ્રમો માં કરોડોની મિલ્કત વસાવીને બેઠેલા આ ધર્મના નામે ચરી ખાતા લોકો ઉપર સરકારે કાયદાનો કડક પંજો ઉગામવાની તાતી જરુરીયાત છે.રાજકારણીઓની હુંફથી આ પાખંડીઓ ચરી ખાય છે


### કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




## સુરક્ષા પરિષદમાં ભારતને વીટો વિના કાયમી સભ્યપદ : યુએસ

ઘણાં લાંબા સમયથી હાલની સરકાર સુરક્ષા પરિષદમાં ભારતને સભ્યપદ મળે અને તે પણ વીટો સાથે તેના માટે ભારે કસરતો કરી હતી.કારણકે એનડીએ સરકારની ઉપલબ્ધિમાં તેનુ વિશેષ મહત્વ ઉભુ કરી શકાય.આ પ્રયત્નો સામે અમેરિકાએ ભારત માટે શરત રાખી છે.અનેકવાર ભારતનું સમર્થન કરનાર અમેરિકાએ કહ્યુ છે કે ભારતે આ માટે વીટો પાવરની જીદ છોડી દેવી પડશે.સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકાના રાજદુત નીકી હેલીએ કહ્યુ હતું કે જો ભારત સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યપદ ઈચ્છે છે તો તેણે વીટો અંગેની પોતાની જીદ છોડી દેવી જોઇએ.જેનો અર્થ એવો થાય છે કે ભારતને કાયમી સભ્યપદ મળે તો પણ તેની પાસે કોઇ પણ પ્રસ્તાવ પર વીટો કરવાનો અધિકાર નહી હોય.નીકી હેલીએ કહ્યુ હતું કે રશિયા અને ચીન બે એવી વૈશ્વિક તાકાતો છે જે સુરક્ષા પરિષદના હાલના માળખામાં પરિવર્તનોની વિરુધ્ધ છે.સુરક્ષા પરિષદના પાંચ સ્થાયી સભ્યોની પાસે વિટોનો અધિકાર છે.રશિયા, ચીન, અમેરિકા,બ્રિટન, અને ફ્રાંસની પાસે આ શક્તિ છે.અને તેમાંથી કોઇ તેને છોડવા માંગતુ નથી. અને ન તો આ તાકાત કોઇની સાથે શેર કરવા માંગે છે.આથી સુરક્ષા પરિષદમાં ભારતને સામેલ કરવાની મુખ્ય બાબત એ છે કે તે વીટોનો રાગ આલાપવાનું બંધ કરી દે.જો કે ભારતે સભ્યપદ માટે ભારે કશમકશનો સામનો કરવો પડ્યો છે પરંતુ તેનો મકસદ પુરો થયો નથી.વીટો પાવર વિના સભ્યપદ છે.

## આધારથી સરકારને ૯ અબજ ડોલરની બચત : નંદન નિલેકની

આધાર કાર્ડ યોજનાના શિલ્પી ગણાતા નંદન નિલેકનીએ કહ્યુ છે કે આધારને કારણે સરકારને નવ અબજ ડોલરની બચત થઇ છે.કારણ કે તેને કારણે ખોટી રીતે વિવિધ સરકારી યોજનાઓનો લાભ લેનારા લોકોની બાદબાકી થઇ ગઇ છે.

નિલેકનીએ કહ્યુ કે અગાઉની યુપીએ સરકારે રજુ કરેલી આધાર યોજનાનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વર્તમાન સરકાર અને નાણાંમંત્રી અરુણ જેટલીએ ઉત્સાહપુર્વક સમર્થન કર્યુ છે.અને આ યોજનાને આગળ ધપાવી છે.

ડીજીટલ ઈકોનોમી ફોર ડેવલપમેન્ટ વિષય પર વર્લ્ડ બેન્કની પેનલમાં ભાગ લેતાં નલેકનીએ કહયુ હતું કે યોગ્ય ડીજીટલ ઈન્ફાસ્ટ્રકચર ઉભુ કરીને વિકાસશીલ દેશો મોટાપાયે ઝડપી પ્રગતિ કરી શકે છે.તેમણે કહ્યુ કે આધાર યોજના અંતગર્ત એક અબજથી વધુ લોકોની નોંઘણી થઇ ગઇ છે.આધાર કાર્ડની મદદથી બનાવટી લોકો અને ડુપ્લીકેશનથી બચી શકાય છે.૫૦ લાખ લોકોએ તેમનો આધાર નંબર બેન્ક ખાતા સાથે જોડી દીધો છે.સરકારે ૧૨ અબજ ડોલર જેવી જંગી રકમ ઈલેક્ટ્રોનિકલી સમયસર આ બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરી છે.નિલેકનીએ કહ્યુ કે ડેટા ઈકોનોમીના વિશ્વમાં સચોટ,ઓળખ, ખામી યુક્ત નાણાંકીય ચુકવણી, પેપરલેસ,ટ્રાન્ઝેકશન વગેરે બધું જ મહત્વના છે. ભારતે એ જ કર્યુ છે.

## ૩૨ હજાર કરોડના નકલી સ્ટેમ્પ કૌભાંડી તેલગીનું મોત

બનાવટી સ્ટેમ્પ પેપર બનાવીને વેચનાર કૌભાંડી તેલગીનું આખરે મોત નિપજ્યું હતું.સ્ટેમ્પ વેન્ડર તરીકે કર્ણાટકના ખાનપુર રેલવે સ્ટેશન તેણે પોતાની કારકીર્દીની શરુઆત કરી હતી.નકલી સ્ટેમ્પ પેપરનો તે માસ્ટર માઈન્ડ પુરવાર થયો હતો.તેલગીને ૨૦૦૧ની સાલમાં પકડવામાં આવ્યો હતો.બનાવટી સ્ટેમ્પ કૌભાંડમાં તેને ૩૦ વર્ષની સજા કરવામાં આવી હતી.બેગલુરની પારાપ્પાના અગ્રહારા સેન્ટ્રલ જેલમાં તે સજા ભોગવી રહ્યો હતો.કૌભાંડની તપાસમાં તે ૧૮ શહેરોમાં ૧૨૩ બેન્ક એકાઉન્ટ ધરાવતો હતો.કોર્ટે તેને દોષિત ઠરાવાયો હતો અને તેને રુ.૨૦૨ કરોડનો દંડ કરવામાં આવ્યો હતો.તેની સામે ૧૧ રાજ્યોમાં ૪૦ જેટલા કેસો કરાયા હતા.દેશમાં તેના અનેક એજન્ટો કામ કરતાં હતા.જે કમિશન લઈને કામ કરતા હતા. તપાસમાં પોલીસ અધિકારીઓ અને નેતાઓના નામ બહાર આવ્યા હતા.પરંતુ તેઓ કાયદાની પકડથી દુર રહ્યા હતા.


### જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386


## મમતા બેનરજીએ પોતાનો મોબાઇલ નંબર આધાર સાથે લિંક કરવા નનૈયા ભણ્યો

મમતા બેનરજીએ કહક્યુ હતું કે તેઓ કોઇપણ કિંમતે પોતાનો મોબાઈલ નંબરને આધાર સાથે લિન્ક નહીં કરાવે. વેસ્ટ બેગાલના મુખ્યમંત્રી પાર્ટી વર્કસ અનેલીડર્સને સંબોધતા કહ્યુ હતું કે તેઓ અન્ય લોકોને આ મામલે કેસ દાખલ કરવા કહેશે.ટેલીકોમ ડિપાર્ટ.એ કહ્યુ છે કે ૨૩ માર્ચ સુધીમાં દરેક લોકો પોતાનો મોબાઈલ નંબર આધાર સાથે લિંક કરાવી લે.મમતાએ કેન્દ્ર સરકાર પર નિશાન સાધતાં કહ્યુ હતું કે હું બિલકુલ આવું નહી કરુ.ભલે મોબાઈલ કનેકશન બંધ થઇ જાય. હું વધુમાં લોકોને કહીશ કે તેઓ જ આ જ રીતે પોતાનો વિરોધ નોધાવે. મોબાઈલ નંબર આધાર સાથે લિન્ક કરવો પ્રાઈવસીમાં દખલગીરી છે. એથી પતિ-પત્નીની અંગત વાતો પણ જાહેર થઇ જશે. ક્યારેક કેટલીક અંગત બાબતો એવીહોય છે કે જે જાહેર ના કરી શકાય.

ટેલી.ડિપાર્ટ.એ મોબાઈલ નંબર આધાર સાથે લિન્ક કરવા બાબતે એક નોટીફિકેશન બહાર પાડ્યું છે.જેને અદાલતમાં પડકારવામાં આવ્યું છે.તહસન પુનાવાલાએ પીટીશન ફાઇલ કરી ડીપાર્ટ.સામે ૨૩ માર્ચવાળા નોટીફિકેશન પર સવાલ ઉઠાવ્યા છે.

## મહારાષ્ટ્રની નાંદેડની મહાનગરપાલિકાની ચુંટણીમાં ભાજપના કારમા પરાજયને શિવસેનાનો ટોણો

ભાજપનો ચુંટણીમાં પરાજય થાય તે મોદી વેવના ઉદય પછી જરા આંચકાજનક સમાચાર ગણાય.મહારાષ્ટ્રના નાંદેડની મહાનગરપાલિકાની ચુંટણીમાં ભાજપના ચુંટણી અશ્વને કોગ્રેસના અશોક ચવ્હાણે નાથી દીધો.કોગ્રેસ હાલના તબક્કે મેદાન મારી જાય તે જરા વધારે પડતું લાગે પરંતુ તે કામ અશોક ચવ્હાણે કરી બતાવ્યું છે.નિષ્પ્રાણ થયેલી કોગ્રેસમાં નવા પ્રાણ ફુંકવાનું કામ તેમણે કર્યુ છે.શિવસેના પ્રમુખ ઉધ્ધવ ઠાકરે એ સામનાના તંત્રીલેખમાં એવી ટિપ્પણી કરી છે કે ૮૧ બેઠકો ધરાવતી નાંદેડ પાલિકામાં ૭૦ બેઠકો કબજે કરીને કોગ્રેસે બધાજ રાજકીય પક્ષોને આશ્ચર્યમાં મુકી દીધા છે.શિવસેનાએ આ ચુંટણીમાં ધાર્યો યશ મળ્યો નથી.એને અપયશ કહો કે પરાજય પણ જે રીતે શિવસૈનિકોએ કોગ્રેસ અને નીતિ-અનીતિ અજમાવનાર ભાજપને પોતાની ક્ષમતા પ્રમાણે લડત આપી છે એ માટે અમે ગર્વ લઇ શકીએ.

સરકારમાં પોતાના સાથી પક્ષ ભાજપ પર ટીકાની ઝડી વરસાવતાં



ઉધ્ધવ ઠાકરેએ સામનામાં જણાવ્યુ છે કે ભાજપે આ ચુંટણને પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવ્યો હતો એટલે જ ભાજપના મંત્રીઓથી લઇ મુખ્યમંત્રી સુધીના તમામ બધા જ ચુંટણી મેદાનમાં ઉતરી પડયા હતા અને છતાં ભાજપનો નાંદેડમાં કારમો પરાજય થયો. તોડફોડ અને રુપીયાની થેલી ખુલ્લી મુકી દેવાનું રાજકારણ હંમેશા સફળ નથી થતું.આ ચુંટણીનો એ સૌથી મોટો બોધપાઠ છે. મહાપાલિકા ચુંટણીના દુંદુભિ વાગતાં જ ભાજપે વિધાનસભાની ચુંટણીની જેમ આયારામો માટે દુકાનો જ ખોલી દીધી. નાંદેડ મહાપાલિકાની ચુંટણી લડવા માટે ભાજપ પાસે કહી શકાય એવી ફોજ જ નહોતી એવી નુકચેતીની સામનાના અગ્રલેખમાં કરાઇ હતી.


### જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# અમેરીકાના વહીવટી તંત્રએ એચ-૧-બી અને એલ-૧ વિઝા રિન્યુ અલને અઘરુ બનાવ્યું

ભારતીય આઈટી પ્રોફેશનલ્સમાં આમ તો એચ-૧બી અને એલ-૧ જેના નન ઈમીગ્રન્ટ વિઝા લોકપ્રિય છે.પરંતુ અમેરિકી વહીવટી તંત્રે તેના રિન્યુઅલની પ્રક્રિયાને વધુ મુશ્કેલ બનાવી દીધી છે.વહીવટીતંત્રએ જણાવ્યુ છે કે વિઝા મુદત વધારવા અરજી કરનારા અરજદારોએ પુરાવા રજુ કરવાના બોજનું વહન કરવું પડશે.પોતાની ૧૩ વર્ષ જુની નીતિમાં સુધારા કરતાં અમેરિકી સીટીઝન્સ એન્ડ ઈમીગ્રેશન સર્વિસે જણાવ્યુ છે કે અરજદારે જ પુરાવા રજુ કરીને વિઝા માટે પોતાની યોગ્યતા સાબિત કરવાની રહેશે. ૨૩ એપ્રિલ ૨૦૦૪ના જાહેરનામાં યોગ્ય સાબિત કરવાની જવાબદારી ફેડરલ એજન્સીને શીરે હતી.હવે ૨૩ ઓક્ટો.માં બહાર પાડેલા નવા જાહેરનામામાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે નન-ઈમીગ્રન્ટસ વિઝાની મુદત વધારવાની હોય તેવા કિસ્સામાં યોગ્યતા પુરવાર કરતાં પુરાવા રજુ કરવાની જવાબદારી અરજદારની રહેશે.પુર્વે એકવાર વ્યક્તિ એચ-૧બી કે એલ-૧ વિઝા પ્રાપ્ત કરવા યોગ્ય સાબિત થયા પછી વિઝા મુદત વધારવા અરજદાર આપોઆપ યોગ્ય મનાતી હતી.

પરંતુ હવે વિઝા મુદત વધારવાની અરજદારે ફેડરલ સત્તાવાળાઓ સમક્ષ તે પુરવાર કરવું પડશે કે તેઓ વિઝા માટે હજુપણ યોગ્ય છે.અમેરિકન ઈમીગ્રેશન લોયર એસોસિયેશનના પ્રમુખ વિલિયમ સ્ટોકે જણાવ્યુ હતું કે માત્ર નવા વિઝા અરજદાર જ નહી પણ દેશમાં વસી રહેલા અને મુદત વધારવા અરજી કરનારા અરજદારો સહિતના તમામ કિસ્સામાં આ નિયમ લાગુ પડશે.અરજદારે તેમણે જે લાભ મેળવવા અરજી કરી હોય તેની યોગ્યતા પુરવાર કરતા પુરાવા રજુ કરવા પડશે.યોગ્યતા પુરવાર કરવાની જવાબદારી અરજદારને શીરે રહેશે.

# રાષ્ટ્રપતિએ ટીપુ સુલતાનને અંગ્રેજો સામેની લડાઇમાં શહીદ થયા હોવાનો મત પ્રગટ કર્યો

ભાજપના એક નેતાએ ટીપુ સુલતાનને બળાત્કારી,હત્યારો ગણાવ્યો હતો.જ્યારે તાજેતરમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે જણાવ્યુ હતું કે ટીપુ સુલતાન અંગ્રેજોની સામે લડતાં લડતાં બહાદુરો જેવી મોતને ભેટ્યા હતા.ટીપુ સુલતાને યુધ્ધમાં મૈસુર રોકેટનો ઉપયોગ શરુ કર્યો હતો.જે આજે પણ પ્રેરણાસ્રોત છે.અત્રે નોંધપાત્ર એ છે કે કેન્દ્ર સરકારના એક પ્રધાન અનંતકુમાર હેગડેએ ટીપુ સુલતાનને હત્યારો,બળાત્કારી જણાવ્યો હતો. અને કર્ણાટક સરકારના ટીપુ જયંતિના સમારંભમાં આમંત્રણ નહી આપવા જણાવ્યુ હતું.૧૦ નવેમ્બર ટીપુ સુલતાનની જયંતી ઉજવાશે.રાષ્ટ્રપતિ કોવિંદે કર્ણાટક રાજ્ય વિધાનસભા અને વિધાનપરિષદની સંયુક્ત બેઠકમાં ઉપર જણાવેલા વિચારો વ્યક્ત કર્યા હતા.તેમણે ભાજપના નેતાના નિવેદનનો વિરોધ કરતાં કહ્યુ હતું કે ટીપુ તો ટાઇગર ઓફ મૈસુર હતો.જેમણે આઝાદીની લડત કે ચળવળમાં ભાગ લીધો જ નહોતો તે અંગ્રેજોની સામે લડાઇમાં શહીદ થનારની શહાદતની ટીકા કરે છે.તેમણે તેમની પાર્ટીનો ઇતિહાસ ચકાસવો જોઇએ કે તેમણે શું કર્યુ હતુ.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

*ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ*

સંપર્કઃ

એ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# સમૃધ્ધિ એ માણસની સર્વાધિક શક્તિ છે

આજે દરેક વ્યક્તિ સમૃધ્ધ થવા માટે પ્રયત્ન કરતો હોય છે.એનું કારણ એ છે કે બધા એમ વિચારે છે કે પૈસા દ્વારા બધા જ સુખ ખરીદી શકાય છે.જે માણસ સમૃધ્ધ છે,એની આસપાસ લોકો જોડાયેલા રહે છે. સમૃધ્ધિ એ માણસની સર્વાધિક શક્તિ છે. સમૃધ્ધિ માટે ક્યારેય કોઇને સંતોષ હોતો નથી.સમૃધ્ધિ જે પોતાની તાકાતથી મેળવી હોય, નીતિના માર્ગેથી આવી હોય તો એનો આનંદ છે.પણ સમૃધ્ધ થવા માટે ગમે તે રસ્તા અપનાવ્યા હોય તો એના પરિણામો સારા આવતાં નથી.સમૃધ્ધિ દ્વારા કહેવાતા સુખની ચીજવસ્તુઓ જ ખરીદી શકાય છે. સમૃધ્ધિમાં શાંતિ નથી. વિશાળ મકાનો,ભવ્ય હવેલીઓ,ઊંચા ઊંચા મહેલો, ગાડીઓ અને નોકર-ચાકરનો જમેલો એ બધું જ સમૃધ્ધિ દ્વારા થાય છે.તમે તમારો સામાજિક મોભો બતાવી શકો છો. પણ આપણે જેને સાચા અર્થમાં સુખ કહીએ છીએ, એ એમાંથી મળતું નથી.નકામી સમૃધ્ધિ તો નકામી વસ્તુઓ ખરીદે છે.આપણે જાણીએ છીએ ખે સમૃધ્ધિથી બધું જ શક્ય બને છે,પણ એકલી સમૃધ્ધિ જ જીવન નથી. છતાંય કહેવું હોય તો કહી શકાય કે,સમૃધ્ધિ જ બધાના હિતમાં-સબંધોમાં જીવન ઉપયોગી છે જ.

સમૃધ્ધિ - સ્ત્રી(સં)આબાદી,ઐશ્વર્ય,સંપત્તિ,જાહોજલાલી વગેરે અર્થ થાય છે.જે માણસની કોઇ જ પ્રતિષ્ઠા ન હોય,એવો માણસ જો સમૃધ્ધ હોય તો સમાજમાં એની ગણના થવા માંડે છે.સમૃધ્ધિ આદર અપાવે છે.સમૃધ્ધિથી અંધકારવાલા સ્થાનોમાં અજવાસ આવી જાય છે.માણસના ચહેરા પર લાલી છવાય છે.પણ જે માણસ સચ્ચાઇના માર્ગે સમૃધ્ધ થાય છે એની સમૃધ્ધિ પેઢી દર પેઢી ટકી રહે છે.સંત તિરુવલ્લુવરે કહ્યું છે : ' નીતિને માર્ગે રહી જેણે ખુબ ધન એકઠું કર્યુ હોય છે તેને જીવનના બે પુરુષાર્થ ધર્મ અને કામ સહજ પ્રાપ્ત થાય છે.'સમૃધ્ધિ શુધ્ધ સાધનો દ્વારા પ્રાપ્ત થાય તો ધર્મ અને સુખ પ્રાપ્ત થાય છે.બીજાને ચુસીને,મારી-કાપીને મેળવેલી સમૃધ્ધિ લાંબો સમય ટકતી નથી અથવા જે માર્ગેથી આવે છે ,એ જ માર્ગે પાછી જાય છે.ખુબ સમૃધ્ધ બનો અને નીતિના માર્ગે એનો ઉપયોગ કરો. એ રીતે મેળવેલી સમૃધ્ધિ અવિચળ જ્યોતિરૂપ હોય છે.આપણે સમાજમાં ઘણા દાખલા જોયા છે કે આજનો કરોડપતિ કાલનો રોડપતિ બની જતો હોય છે. એનું કારણ એટલું જ કે એની સમૃધ્ધિ કોઇ અનીતિના માર્ગે આવેલી હોય છે. લક્ષ્મી ચંચળ છે, એને પણ નીતિનો માર્ગ પસંદ છે. અનીતિનો માર્ગ અતિ ટુંકો હોય છે.

અથર્વવેદમાં કહ્યું છે : 'તેલની માલિસ, સુગંધ, સોનું,શરીરનું તેજ, એ બધાંજ સમૃધ્ધિના લક્ષણ છે. 'આપણે કેટલાંક લોકોને જોઇએ છીએ કે ,હાથની આંગળીઓ,હાથનું કડું,ગળામાં સોનાના દોરા લટકતા હોય છે.એમાં જોઇએ તો સમાજમાં બે પ્રકારના માણસો જોવા મળે છે.એક, જે છે તે બીજાને બતાવવા માટેનું પ્રદર્શન કરનારા, બે, જે છે તે ગુપ્ત રાખનારા. જેનામાં આછકલાઇ છે, જેનામાં જીવન-સમજનું ઊંડાણ નથી, જે સંજોગોવસાત રાતોરાત ધનપતિ થઇ ગયા છે, એમને પોતાની સમૃધ્ધિ બતાવવાનો અભરખો હોય છે.એથી એ પ્રદર્શન કરતાં હોય છે.જે ગર્ભ-સમૃધ્ધ હોય છે, એ તો હોય જ છે. એમને પ્રદર્શનની જરૂર ખરી ?સમૃધ્ધિ આવે એની સાથે સદાચાર આવે એ જરૂરી છે. આમ તો કહેવાય કે, સમૃધ્ધિ દુષણોને આમંત્રણ આપે છે.મહેનત વગરની સમૃધ્ધિ માણસને છાકટા બનાવી દે છે.જેની પાસે સમજ ના હોય, એ સમૃધ્ધિનો ભયંકર દુરપયોગ કરીને પોતાનો વિનાશ નોતરતો હોય છે. અનેક પ્રકારના અવળા માર્ગે ચડી જતો હોય છે. આપણે આગળ કહ્યું એમ, એક બીજી વાત પણ દીવા જેવી છે કે, સમૃધ્ધિ જ માનપાન અપાવે છે. તમે કેવા માર્ગેથી ધન-દોલત મેળવી છે એમાં કોઇ પડતું નથી. પણ તમારી પાસે છે,એનું જ મહત્વ બની રહે છે. કોઇએ સાચું કહ્યું છે કે સમૃધ્ધિ ખોરાક લાવી શકે, ભુખ નહી, દવા લાવી શકે, આરોગ્ય નહી,મોજમજા લાવી શકે,પણ શાંતિ અને સ્વસ્થતા નહી. સમૃધ્ધિ તો દરિયો છે એમાં તરતાં શીખવું જોઇએ, નહીતર આપણી સચ્ચાઇ અને ઇજ્જત બંને એમાં ડુબી શકે છે. ગેટએ સારી વાત કરી છે. ' અચાનક અને અતિ ઝડપે ભેગું કરેલું ધન ઘડીકમાં ચાલ્યું જાય છે, જ્યારે ક્રમિક રીતે આવેલું ધન વધતું જાય છે. 'જેની પાસે સમૃધ્ધિ છે, પણ ઉદારતા નથી એ સાચો ભિખારી છે.

આપણે આગળ કહ્યું કે ધન એ સુખ નથી. ઓશો રજનીશે પણ એજ વાત કરી છે.ભૌતિક સંપત્તિનો ચળકાટ ખોટો છે.તમારી પાસે હીરા મોતી જડેલો પલંગ હોય, પરંતુ ઊંઘ ન આવતી હોય તો ?તમારી સમક્ષ બત્રીસ ભોજન અને તેત્રીસ પકવાન પીરસેલાં પડ્યા હોય,પરંતુ ભુખ ન લાગતી હોય તો ? ઊંઘ લાવી શકે તેવો પલંગ કે ભુખ લાવી શકે એવો ભોજનથાળ આ દુનિયામાં હજી બન્યા નથી.આપણે ધનના વિરોધી નથી, પણ ધન જ જગતનું સર્વસ્વ છે એવું નથી. સમૃધ્ધિ હોય તો ઉદાર દિલ પણ જોઇએ.જે આપે છે,એનાથી નાશ થતો નથી.એક સુભાષિત છે :'આપવાથી ધનનો નાશ થાય છે, એમ તુ કોઇ કાળે પણ માનીશ નહીં,જુઓ, કુવા,બગીચા,ગાય વગેરે જેમ જેમ દેતા જાય છે તેમ તેમ તેમની સંપદા વૃધ્ધિ પામે છે.' સમૃધ્ધિથી માણસને સન્માન મળે છે.તમે ક્યા માર્ગે ધન કમાયા છો એની કોઇ ચિંતા કરતું નથી. જે સમૃધ્ધ છે એ ડાહ્યો છે, વિદ્વાન છે, સજ્જન છે. એ રીતે એની સમૃધ્ધિમાં જ બધા જ અવગુણો ગુણ બની જાય છે. કાલિદાસે રઘુવંશમાં પણ કહ્યું છે કે 'જેમાં પાણી ભરાયેલું છે એવા જ વાદળોનું સ્વાગત ચાતક કરે છે. ' સમૃધ્ધિમાં યશ અને કિર્તી સમાયેલાં છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી

(સૌ.સંદેશ)

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.

પીટીકોલેજ રોડ,નારાયણ નગર

અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

૦૭૯ ૬૫૨૧૪૭૫૬



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.